બદલાતું વાતાવરણ - શુક્રવારની સાંજે વધુ એક વખત વાદળો ગોરંભાયા હતા.... અને મોડીસાંજે તોફાની પવન સાથે જીલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ ઝાપટું પડ્યું હતું. પ્રિમોન્સુન એક્ટિવીટી સંદર્ભે વાવાઝોડુ અને વરસાદ અચાનક આવતા રાહદારીઓ અને વાહનચાલકો અટવાય છે... અને જનજીવન પર ઘેરી અસર સર્જાય છે... **(તસવીર : દિપક જાની)**

મનપા દ્વારા ૧૮મીએ સે-૨ સંપૂર્ણ સ્વચ્છ કરાશે

ત્યારબાદ ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી થશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરને સ્વચ્છ નગર બનાવવા માટે હવે કોર્પોરેશન સામુહિક સ્વચ્છતા અભિયાન હાથ ધરશે અને આ પછી ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરશે.

મહાનગરપાલિકાના ઉચ્ચસ્તરે આ અંગે નિર્ણય લેવાઈ ચુક્યો છે અને સામુહિક અભિયાન અંગેનો પ્રથમ પ્રયોગ આગામી ૧૮મીના રોજ સે. ૨ ખાતેથી શરૂ કરાશે.

કોર્પોરેશનના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૦૦ જેટલા સફાઈ કામદારો સાથે ૪ જે.સી.બી. સહિતના સાધનો સાથે આ સફાઈ જુંબેશ હાથ ધરાશે. તંત્રએ આ માટે જુદા જુદા સર્વે પણ કરાવ્યા છે અને આખી ઝુંબેશનો નકશો તૈયાર કરી દેવામાં આવ્યો છે.

આ સ્વચ્છતા અભિયાનમાં માર્ગ-મકાન, વન વિભાગ તેમજ સેવાભાવી સંસ્થાઓનો પણ સહયોગ લેવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ એક નિવેદનમાં અપીલ કરતાં જણાવ્યું છે કે ઘન કચરો ગમે ત્યાં ફેંકીને ગંદકી કરનાર ઈસમને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૦૦ અંતર્ગત રૂ. ૧ લાખ દંડની તથા ૬ માસ સુધીની સજાની જોગવાઈ થયેલ છે. તેથી જો કોઈ ઈસમ દ્વારા ગમે ત્યાં કંટેનર સીવાય કચરો ફેંકવામાં આવતો હોવાનું જણાઈ આવશે કે ગંદકી કરવામાં આવતી જોવા મળશે તો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૦૦ અંતર્ગત વહીવટી ચાર્જ વસુલ લેવા સહિતની જોગવાઈઓ મુજબની કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આ સ્વચ્છતા ઝુંબેશ દરમ્યાન તમામ નગરજનોને, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા વેપારીશ્રીઓને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા જણાવાયું છે.

ઘર નોકરો રૂપિયા લઈ ખેતીકામ માટે ડુંગરપુર રફુચક્કર..!!

ઘરઘાટીઓને એડવાન્સ આપી ગૃહીણીઓ પસ્તાય છે

ગાંધીનગર, તા. ૧૪

સેક્ટરોમાં ઘરકામ કરતા ઘરઘાટીઓ વરસાદી માવઠા બાદ ડુંગરપુર રવાના થઈ જતા ગૃહીણીઓ તોબા પોકારી ગઈ છે. ઘરકામ માટે એડવાન્સ પૈસા લઈ ઘરઘાટીઓ ખેતીકામ માટે જતા રહેતા ઘણાખરા ઘરમાલિકો છેતરપીંડીનો ભોગ બન્યા છે. બીજી તરફ આ મામલે ઘરનોકર અંગેની વિગતો પોલીસને પણ સુપ્રત કરી ન હોવાથી આવા નાગરિકોને પોલીસકક્ષાએથી પણ મદદ મળતી નથી.

વરસાદી માવઠા બાદ સેક્ટરોમાંથી ડુંગરપુરના ઘરઘાટીઓ અદૃશ્ય થઈ ગયા છે. વરસાદ આવવાની સાથે જ આ ઘરઘાટીઓ ખેતીકામ માટે ડુંગરપુર ચાલ્યા જાય છે.

ઘરકામ અન્વયે ગૃહીણીઓએ આપેલા એડવાન્સ પૈસા પણ પાણીમાં જાય છે. પોલીસતંત્ર દ્વારા ઘરનોકર અંગે સઘળી વિગતો સુપ્રત કરવા નાગરિકોને વારંવાર ધ્યાન દોરવામાં આવે છે. આમ છતાં નગરજનો આ મામલે ઉદાસીનતા સેવતા ઘરઘાટીઓની છેતરપીંડીનો ભોગ બન્યા છે. ત્યારે ગૃહીણીઓએ પણ ઘરઘાટીઓને એડવાન્સ પૈસા ન આપવા જોઈએ તેવો સૂર ઉઠવા પામ્યો છે. લોકોની ગરજના લીધે ઘરનોકરો બેફામ બન્યા છે ત્યારે શહેરીજનોનો પણ આ મામલે જાગૃત રહી કડક વલણ અપનાવવું જોઈએ તેવી લાગણી પણ શહેર વસાહત મહામંડળે વ્યક્ત કરી છે.

શહેરની સાત શાળામાં આર.ઓ. પ્લાન્ટ અને બે વોટરકુલર મુકવામાં આવશે

૨૦ થી ૨૨ જુનના પ્રવેશોત્સવની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરની સાત પ્રા. શાળાઓમાં પ્રવેશોત્સવ દરમ્યાન આર.ઓ. પ્લાન્ટ મુકવામાં આવશે. બે શાળાઓમાં વોટરકુલર મુકાશે.

આગામી ૨૦ થી ૨૨ જુન દરમ્યાન ગાંધીનગર શહેરી વિસ્તારની શાળાઓમાં યોજાનાર પ્રવેશોત્સવના આયોજનને આજે આખરી ઓપ આપવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મેયરશ્રીની વિશેષ ગ્રાન્ટમાંથી આર.ઓ. પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ તેમની ગ્રાન્ટમાંથી બે વોટરકુલર આપવાનો નિર્ણય કર્યો છે.

શાળા પ્રવેશોત્સવ માટે અધિકારીઓમાં ડૉ. રાજીવકુમાર ગુપ્તા આવી રહ્યા છે. આ ઉપરાંત મ્યુનિ. કમિશનરશ્રી તેમજ અન્ય પદાધિકારીઓ જોડાશે.

ગાંધીનગર શહેરમાં ૩૪ સરકારી પ્રા. શાળામાં ૧૨૦૦ જેટલા પ્રવેશપાત્ર બાળકોને આ પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ આપવામાં આવશે.

ગાંધીનગર શહેરની સાત પ્રા. શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટ તેમજ બે પ્રા. શાળામાં વોટરકુલર ઉપલબ્ધ થશે. મળતી વિગતો મુજબ કેટલાક કાઉન્સીલરોએ શાળામાં વૃક્ષોની વાવણી કરવાની હોવાથી ટ્રી ગાર્ડ માટે પણ પોતાના ફંડમાંથી ફાળવણી કરવાની જાહેરાત કરી છે.

લેપટોપ - ગાંધીનગર નાગરિક કો.ઓપરેટિવ બેંક દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે કોમ્પ્યુટર અને લેપટોપ માટે વ્યાજ વીનાની લોન અપાશે. આજે આ સમગ્ર યોજનાની વિગતો માટે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં બેંકના ડિરેક્ટરઓ અને અધિકારીઓ યોજનાને લોકભોગ્ય બનાવવા ભાર મુક્યો હતો. **(તસવીર : દિપક જાની)**

સે. ૧૬માં રહેણાંકની છતમાં ગાબડુ

સદનસીબે કોઈને ઈજા ન થઈ : ચોમાસામાં આવાસોની છત વધુ જોખમી

ગાંધીનગર, તા. ૧૪

સે. ૧૬માં સ્થિત 'ચ' કક્ષાના એક મકાનના રસોડાની છતમાં આજે મોટુમસ ગાબડુ પડ્યું હતું. બપોરના સમયે અચાનક જ રસોડાની છતમાંથી મોટું પોપડુ પડતા મકાનમાં હાજર મહીલા પણ ગભરાઈ ગઈ હતી. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી.

શહેરના સરકારી આવાસોમાં છાશવારે પોપડા પડવાની ઘટના પ્રકાશમાં આવે છે. શહેરના મોટા ભાગની સરકારી આવાસો ભયજનક હાલતમાં છે. તેમાંય ચોમાસાના દિવસોમાં સરકારી આવાસોના મકાનની છતમાંથી સતત પાણી ટપકતું હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉદ્‌ભવે છે. વરસાદી દિવસોમાં મકાનોમાં લીકેજીસની સમસ્યાને લઈ ભેજ ઉતરતા આવાસોમાં રહેતા વસાહતીઓ સામે જોખમ ઉભુ થાય છે. આમ છતાં સરકારી આવાસોની છત સલામત ન હોવાથી વસાહતીઓના માથે ખતરો જળંબુ રહ્યો છે. ચોમાસાની શરૂઆતે જ સે. ૧૬માં મકાની છતમાંથી પોપડુ ખરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સે. ૧૬ સ્થિત 'ચ' કક્ષાના બ્લોક નં. ૪૯/૫ના રસોડામાં આજે બપોરે છતમાંથી અચાનક જ મોટુમસ પોપડુ ધડાકાભેર નીચે પડ્યું હતું. સદનસીબે આ વેળાએ કોઈ રસોડામાં ન હોવાથી ઈજા થવા પામી ન હતી. માહિતી ખાતામાં ફરજ બજાવતા પ્રવિણભાઈ પટેલ તેમના પરિવાર સાથે આ આવાસમાં રહે છે. ઘટના સંદર્ભે સ્થાનિક ઈન્કવાયરી કચેરીને જાણ કરવામાં આવી પછી ઈન્કવાયરીના માણસો ઘરના સ્થળે પહોંચ્યા હતા. ચોમાસા દરમિયાન આવાસોની છત જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે ત્યારે તંત્ર કક્ષાએથી આમામલે સર્વે હાથ ધરી સમારકામ કરવું જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી પ્રા. શાળાના બાળકોને ગણવેશ આપવો જોઈએ : પંડ્યા

શાળા પ્રવેશોત્સવ અંગે કમિશ્નરશ્રીએ બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં સભ્યોની રજુઆત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરની અપર પ્રાયમરી સ્કૂલોમાં પ્રવેશ દરમ્યાન બાળકોના લેવાતા ઈન્ટરવ્યુ તેમજ ડોનેશન પ્રથાનો મુદ્દા આજે મ્યુનિ. કમિશ્નરશ્રીએ શાળા પ્રવેશોત્સવ અંગે બોલાવાયેલી બેઠકમાં વિવાદનો મુદ્દો બન્યો હતો.

કોંગ્રેસના શ્રી હર્ષજીત પંડ્યાએ તમામ સરકારી શાળાઓના બાળકોને બે જોડ ગણવેશ કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી આપી આ સ્કૂલોના નામ પણ દેશની આઝાદીના લડતના શહીદોના નામ સાથે જોડવા માંગ કરી હતી.

કોંગ્રેસના સભ્યોએ કરેલી આ રજુઆતના પ્રત્યુત્તરમાં કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું કે ગરીબ બાળકોને ગણવેશ માટે રોકડ સહાય સરકાર દ્વારા આપવામાં આવે છે તેથી એક જ હેતુ માટે સરકારની ગ્રાન્ટના નાણાં બેવડાય નહિ તે જોવું જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યભરની બક્ષીપંચ જાતિની ૧૯ આદર્શ નિવાસી શાળાઓના શ્રેષ્ઠ પરિણામ

સામાજિક અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ નિયામક કે.જી. વણઝારા અને ટીમને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના રાજયના ૬૫ ટકા પરિણામ સામે વિકસતી જાતિ કલ્યાણ (બક્ષી જાતિ કલ્યાણ)ની ગુજરાત ભરની ૩૩ આદર્શ નિવાસી માધ્યમિક શાળાઓ પૈકી ૧૯ શાળાઓના ૧૦૦ ટકા પરિણામ સાથે બાકીની ૧૪ શાળાઓમાં એકલ વિષય ગણિત, વિજ્ઞાનમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની જુલાઈની પૂરક પરીક્ષામાં પાસ થવાની પરંપરા જોતાં સન ૨૦૧૩ નું સમગ્રતયા ૧૦૦ ટકા પરિણામ અંગે આનંદ અને સંતોષ વ્યક્ત કરતાં સામાજિક ન્યાય મંત્રીશ્રી રમણલાલ વોરાએ ખાતાના નિયામકશ્રી કે.જી. વણઝારા અને શિક્ષકોની ટીમને અભિનંદન આપેલ છે.

સન ૨૦૧૨ માં પણ વિકસતી જાતિ કલ્યાણ ખાતાની રાજયભરની આદર્શ નિવાસી શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવેલું હતું જે પરંપરા ચાલુ વર્ષે પણ ખાતાએ જાળવી રાખી છે.

આ અંગે વધુ વિગતો આપતાં મંત્રીશ્રી વોરાએ જણાવ્યું હતું કે ૬(છ) શાળાઓમાં ગણિત વિજ્ઞાનના શિક્ષકો ન હોવાના કારણે રાજયમાં ૪૧ વિદ્યાર્થીઓ ગણિત વિજ્ઞાનમાં જ નાપાસ થયા હતા જે ગત વર્ષોની પરંપરા -માણે પૂરક પરીક્ષામાં પાસ થશે તેવી આશા વ્યક્ત કરી હતી. સમગ્ર બોર્ડના ગણિત વિષયના ૭૧ ટકા પરિણામ સાથે ખાતાની શાળાઓનું ગણિતનું પરિણામ ૯૬ ટકા છે. સામાન્ય રીતે સેંટ ઝેવિયર્સ, ગુરુકુલ જેવી હાઈસ્કુલોમાં તો -વેશ જ સુખી સંપન્ન વર્ગના ચી ટકાવારીવાળા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે, તેની સામે બક્ષીપંચ જાતિ તેમજ અતિ પછાત વિચરતી વિમુક્ત જાતિના રસ્તે રઝળતા બાળકોને નિવાસી શાળાઓમાં -વેશ આપીને ૩૩ હાઈસ્કુલોના આચાર્યો અને શિક્ષકો ધ્વારા રાત્રી દરમ્યાન પણ ઘનિષ્ટ કોચીંગ આપીને આવું પરિણામ છેલ્લા પાંચ વર્ષથી મેળવવામાં આવે છે, જે અન્ય સરકારી અને અનુદાનિત શાળાઓ માટે દાખલારૂપ અને અભ્યાસનો વિષય બની ગયું છે.

ગામની શાળાના કોમ્પ્યુટર બંધ હોવાની ફરિયાદો મળતાં તંત્ર ચોંકયું

પ્રવેશોત્સવના બીજા દિવસે ૩૭૦૦થી વધુ બાળકોએ પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ શાળા પ્રવેશોત્સવના આજે બીજે દિવસે પણ ૩૭૦૦ જેટલા બાળકોને ધો-૧ માં પ્રવેશ આપવામાં આવ્યો છે.

જિલ્લાના શિક્ષણ વિભાગને આજે બીજે દિવસે વધુ ૨ ૩ લાખ રૂ.નું દાન મળતાં બે જ દિવસમાં મળેલા દાનનો આંક ૪૮ લાખ પર પહોંચ્યો છે.

આજે પ્રવેશોત્સવ દરમિયાન ગાંધીનગર તાલુકાના સોનારડા-ગલુદણ ગામે બાળકોને બેસવા માટે પાટલીની સુવિધા પાછળ રૂ. ૭ લાખનું દાન મળેલ છે.

આ ઉપરાંત શિક્ષણ વિભાગના અગ્રસચિવ સંગીતા સિંહના રૂટમાં અતિકુપોષિત બાળકોને ગ્રામજનોએ દત્તક લઈ કુપોષણ મુક્તિ અભિયાનમાં જોડયા હતા.

જિલ્લાના માણસા અને દહેગામ તાલુકાની કેટલીક પ્રા. શાળાના કોમ્પ્યુર બંધ હોવાની હકીકતો પણ આ પ્રવેશોત્સવ દરમિયાન બહાર આવવા પામી છે. તો ગામમાં પીવાના પાણીની તકલીફો અંગે ગ્રામજનોએ અધિકારીઓને રજુઆતો કરી હોવાનું જાણવા મળેલ છે.

ઈસીસી પ્રોજેકટ અંતર્ગત ચાલતી આંગણવાડીઓ બંધ કરાતાં નાના ભૂલકાંઓની સમસ્યા પણ બહાર આવવા પામી છે.

ઈ ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૧૩-૧૪
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઓનલાઈન ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફીની રકમ	બાનાની રકમ
૧.	ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીમાં જુદી જુદી શાખાઓ માટે આઉટ સોર્સીંગથી (૧) વહીવટી કામગીરી (૨) સર્વે, અન્દાજો, આયોજન, શ્રેત્રિય સહિતની જુદી જુદી પ્રકારની તાંત્રીક (સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રીકલ) કામગીરી (૩) સોલીડવેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત વિભિન્ન પ્રકારની કામગીરી (૪) ઢોર ત્રાસ અંકુશ સંબંધિત કામગીરી તેમજ સેવાકીય કામગીરી વગેરે સારૂ વિવિધ પ્રકારના જરૂરી તથા યોગ્ય લાયકાતવાળા માણસો મુકીને તેમનાથી કામગીરી કરાવી આપવા અંગેનું કામ.	રૂ. ૧૫૦૦/-	રૂ. ૧,૮૦,૦૦૦/-
૨.	ગાંધીનગરશહેના પૂર્વ વિભાગના સુચિત રસ્તાઓ આસપાસની ફુટપાથો 'ફુટપાથ, કાર્પેટ, ડિવાઈડર, શોલ્ડર સહિત' વગેરેનું ઈજારદારના પોતાના કામદારો, સાધનો દ્વારા બ્રશિંગ/સફાઈ કરાવવી ફુટપાથની આસપાસના મર્યાદિત વન વિસ્તારને ખુલ્લા વિસ્તારની સફાઈ કરાવવી, પ્લાસ્ટીકની કોથળીઓ સહિતનો કચરો વિણીને ઉપાડી લેવાની કામગીરી અને આ તમામ સફાઈ બાદ એકત્ર થયેલ કચરો ઈજારદારના પોતાના સાધનો અને વાહનો દ્વારા નગરપાલિકાના કંન્ટેનર અથવા મહાનગરપાલિકા સુચવે તે સ્થળે નિકાલ કરવા માટેનું કામ' આ માટે ન્યુનતમ ૫૫ સફાઈ કામદારો તથા ૫ સુપરવાઈઝરો દ્વારા કરાવવાનું થતું કામ.	રૂ. ૧૫૦૦/-	રૂ. ૨,૫૦,૦૦/-
૩.	ગાંધીનગર શહેરના પશ્ચિમ વિભાગના સુચિત રસ્તાઓ આસપાસની ફુટપાથ 'ફુટપાથ, કાર્પેટ, ડીવાઈડર, શોલ્ડર સહિત' વગેરેનું ઈજારદારના પોતાના કામદારો, સાધનો દ્વારા બ્રશિંગ /સફાઈ કરાવવી. ફુટપાથની આસપાસના મર્યાદિત વન વિસ્તારને ખુલ્લા વિસ્તારની સફાઈ કરાવવી, પ્લાસ્ટીકની કોથળીઓ સહિતનો કચરો વિણીને ઉપાડી લેવાની કામગીરી અને આ તમામ સફાઈ બાદ એકત્ર થયેલ કચરો ઈજારદારના પોતાના સાધનો અને વાહનો દ્વારા મહાનગરપાલિકાના કંન્ટેનર અથવા મહાનગરપાલિકા સુચવે તે સ્થળે નિકાલ કરવા માટેનું કામ' આ માટે ન્યુનતમ ૫૦ સફાઈ કામદારો તથા ૫ સુપરવાઈઝરો દ્વારા કરાવવાનું થતું કામ.	રૂ. ૧૫૦૦/-	રૂ. ૨,૩૦,૦૦૦/-
૪.	ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ઘન કચરાના નિકાલ માટે વેસ્ટ કલેકશન બીન સપ્લાય કરવા અંગેનું કામ.	રૂ. ૧૫૦૦/-	રૂ. ૧૦,૦૦૦/-
૧૦.	સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૦૦ અંતર્ગત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ) ઝોન વિસ્તારોમાં ડોર/ગેટથી વેસ્ટ કલેક્ટ કરી સુચિત સાઈટ/ડીસ્પોઝલ સાઈટ સુધી વહન કરી નિકાલ કરવાના કામ માટે બંધ બોડીનાં વાહનો દ્વારા ૨ વર્ષ માટેની કામગીરી અંગેનું ટેન્ડર	રૂ. ૧૨,૦૦૦/-	રૂ. ૫,૦૦,૦૦૦/-

ટેન્ડર ફોર્મ તા. ૧૭/૬/૨૦૧૩ થી તા. ૨૫/૬/૨૦૧૩ સુધી સમય ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. પ્રિબિડ મીટીંગ તા.૧૯/૬/૨૦૧૩ સમય ૧૪-૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીમાં રહેશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોરમેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બિડ તા. ૨૫/૬/૨૦૧૩ થી ૧/૭/૨૦૧૩ સુધીમાં પોસ્ટ કે રૂબરૂમાં બપોરના ૧૪-૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે.

ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ (ઈએમડી)-ના ડીમાન્ડ ડ્રાફટ તા. ૨૫/૬/૨૦૧૩ સમય ૧૬-૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મળેલ હશે તેની જ ઓફરો ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨/૭/૨૦૧૩ના રોજ ૧૫-૦૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૩/૬/૨૦૧૩
માહિતી/૫૫૬/૧૩-૧૪

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. પટેલ દિનેશભાઈ દલછારામ
(ઉકાવાળા)
સ્વ. તા. ૧૫/૫/૨૦૧૩

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતીનથી, હર હંમેશ હેતની લાગણી સહેજે વિસરાતી નથી, આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે, વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.

લિ.
પટેલ સંજયકુમાર દિનેશભાઈ (ઉકાવાળા)
એસ. ડી. પટેલ (પી.આઈ., સે.૨૧, ગાંધીનગર)

જોઈએ છે
નવા પ્રોજેક્ટના લોન્ચીંગ અને માર્કેટીંગના કામ માટે મહિલા કર્મચારીની જરૂર છે.
સંપર્ક
મો. : ૮૧૪૧૦ ૨૨૦૫૫

હાર્દિક આમંત્રણ
સંગીતમય
સુંદરકાંડ પાઠ
પ.પૂ. ગુરુજી અશ્વિનકુમાર પાઠક
ગાદીપાઠ
૧૬/૬/૧૩ રવિવાર રાત્રે ૮-૩૦
હર્ષભાઈ જેઠાવાલ પુરોહિત
પ્લોટ નં. ૨૯૦, હરીદીપ ફ્લેટ, સે.૨૦ની સુવિધાની સામે, સે-૨૦,
મો. : ૯૪૨૭૫૨૨૨૬

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૬૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com